(1) નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ એ ‘‘મિશન કર્મયોગી’’ અંતર્ગત કરવામાં આવેલો છે ?

(1) ‘‘ભૂમિકા આધારિત’’ વ્યવસ્થાપનથી ‘‘નિયમ આધારિત’’ માનવ સંસાધનના પરિવર્તનમાં સહયોગ આપવો.
(2) ઓનસાઈટ શીખવાની પદ્ધતિ પર બળ આપવું.
(3) પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં ‘‘જાહેર માનવ સંસાધન પરિષદ’’નું નિર્માણ.
(4) ક્ષમતા વિકાસ આયોગની રચના.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ 2 સપ્ટેમ્બર, 2020ના રોજ પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ‘‘મિશન કર્મયોગી’’ રાષ્ટ્રીય સિવિલ સેવા ક્ષમતા વિકાસ કાર્યક્રમને શરૂ કરવાની મંજૂરી આપી હતી.

⇛ ભારતીય સિવિલ સેવકોને વધુ રચનાત્મક, સર્જનાત્મક, વિચારશીલ, નવાચારી, વધુ ક્રિયાશીલ, પારદર્શી અને ટેક્નોલોજી સમર્થ બનાવી ભવિષ્ય માટે તૈયાર કરવા આ મિશન શરૂ કરાયેલ છે.

⇛ કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ :

- નિયમ આધારિત માનવ સંસાધન વ્યવસ્થાપનથી ‘‘ભૂમિકા આધારિત’’ વ્યવસ્થાપનના પરિવર્તનને સહયોગ આપવો. (આથી, વિધાન (1) ખોટું છે.)
- ઓફસાઈટ શીખવાની પદ્ધતિને વધુ સારી બનાવતા ‘‘ઓનસાઈટ પદ્ધતિ પર બળ આપવું.
- ‘‘આઈગોટ–કર્મયોગી પ્લેટફોર્મ’’ એ ભારતમાં બે કરોડથી વધુ કર્મચારીઓની ક્ષમતાને વધારવા વ્યાપક અને અત્યાધુનિક માળખું પ્રદાન કરશે.
- પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં એક જાહેર માનવ સંસાધન પરિષદ ટોચની સંસ્થાના રૂપમાં કાર્ય કરશે જે સિવિલ સેવા સુધાર અને ક્ષમતા વિકાસને કાર્ય માટેની દિશા આપશે.
- ‘‘ક્ષમતા વિકાસ આયોગ’’ને સ્થાપિત કરવાનો એક પ્રસ્તાવ આપવામાં આવ્યો છે જેથી સહયોગાત્મકના આધાર પર ક્ષમતા વિકાસના નિયમન અને વિકાસમાં એકસમાન દષ્ટિકોણ લાગુ કરી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020ના સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચાં છે ?**

(1) આ ઈન્ડેક્સ એ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જાહેર કરવામાં આવે છે.
(2) 2020ના ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ 48મો રહયો હતો.
(3) આ ઈન્ડેક્સ અંતર્ગત સ્વિટ્ઝર્લેન્ડને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.
(4) ભારત એ વિશ્વમાં નિમ્ન મધ્ય આવક વર્ગમાં ત્રીજી સૌથી વધુ નવીનતા ધરાવતી અર્થવ્યવસ્થા બની છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં "ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ-2020" જાહેર કરવામાં આવ્યો હતો.

⇛ આ ઈન્ડેક્સ એ કોઈ અર્થવ્યવસ્થામાં નવીનતાના પ્રદર્શનને માપવા હેતુ એક પ્રમુખ સંદર્ભ છે.

⇛ આ ઈન્ડેક્સ એ કોર્નેલ યુનિવર્સિટી, INSEAD અને સંયુકત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી WIPO દ્વારા સંયુકત રૂપથી પ્રકાશિત કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્ષ 2020ના સૂચકાંકમાં ભારત એ 48માં ક્રમ પર પહોંચ્યું છે. વર્ષ 2019માં ભારતનું સ્થાન 52મું રહયું હતું.

⇛ ભારત એ વિશ્વમાં નિમ્ન મધ્યમ આવકના વર્ગમાં ત્રીજી સૌથી વધુ નવીનતા ધરાવતી અર્થવ્યવસ્થા બની છે.

⇛ વર્ષ 2020ના ઈન્ડેક્સમાં ટોચના સ્થાને સ્વિટ્ઝર્લેન્ડ રહયું હતું.

⇛ આ ઈન્ડેક્સમાં સંશોધન અને વિકાસ રોકાણ તથા આંતરરાષ્ટ્રીય પેટન્ટ અને ટ્રેડમાર્ક જે સહિતના 80 માપદંડો પર ક્રમ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) સ્પેશ્યલ ફ્રંટિયર ફોર્સના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) તેનું સંચાલન સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

(2) સ્પેશ્યલ ફ્રંટિયર ફોસ એ સેનાનો ભાગ નથી.

(3) આ ફોર્સમાં મહિલા સૈનિકોનો પણ સમાવેશ કરવામાં આવે છે.

(4) તેનું ગઠન એ ભારત–ચીન યુદ્ધ 1962 પછી કરવામાં આવ્યું હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત–ચીન વચ્ચે ચાલતા તણાવ વચ્ચે સ્પેશ્યલ ફ્રંટિયર ફોર્સ (SFF) દ્વારા મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવામાં આવી હતી.

⇛ તેનું ગઠન એ 1962માં થયેલા ભારત–ચીન યુદ્ધ પછી કરવામાં આવ્યું હતું.

⇛ આ એક ગુપ્ત ફોર્સ છે. તેનું નિયંત્રણ એ સીધુ કેબિનેટ સચિવાલય અને પ્રધાનમંત્રી કાર્યાલયથી કરવામાં આવે છે.

⇛ SFFના યુનિટ્સને વિકાસ બટાલિયનના રૂપમાં ઓળખવામાં આવે છે.

⇛ SFFના યુનિટ્સએ સેનાનો ભાગ હોતા નથી પરંતુ તે સેનાના સંચાલનના નિયંત્રણમાં કાર્ય કરે છે.

⇛ SFF યુનિટ્સમાં મહિલા સૈનિક પણ હોય છે જે વિશેષ કાર્યો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) સંસદીય કાર્યપદ્ધતિમાં ''પ્રશ્નકાળ''ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) સંસદીય બેઠકમાં ''શૂન્યકાળ'' પછીના એક કલાકને પ્રશ્ન કાળ તરીકે ઓળખવામાં આવે છે.

(2) તેનો ઉલ્લેખ એ ગૃહની પ્રક્રિયાના નિયમોમાં છે.

(3) નાણામંત્રી જે દિવસે બજેટ રજુ કરે છે તે દિવસે પ્રશ્નકાળનું આયોજન કરવામાં આવતું નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં લોકસભા સચિવાલય દ્વારા 14 સપ્ટેમ્બરથી શરૂ થતાં મોનસૂન સંસદીય સત્રનું શેડ્યુલ જાહેર કર્યું હતુ, જેમાં પ્રશ્નકાળનો સમાવેશ કર્યો નથી.

⇛ પ્રત્યેક સંસદીય બેઠકની પ્રથમ કલાક એ પ્રશ્નકાળ માટે ફાળવવામાં આવે છે.

⇛ સંસદીય સત્રના પ્રત્યેક દિવસે તેનું આયોજન કરવામાં આવે છે પરંતુ તેના મુખ્ય બે અપવાદો છે.

(i) જે દિવસે રાષ્ટ્રપતિનું સંસદમાં સંબોધન હોય તે દિવસે તેનું આયોજન કરવામાં આવતું નથી.

(ii) જે દિવસે નાણામંત્રી બજેટ રજુ કરે ત્યારે તેનું આયોજન કરવામાં આવતુ નથી.

⇛ પ્રશ્નકાળનો ઉલ્લેખ એ સદનની પ્રક્રિયા અંતર્ગત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ-2021ના સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચાં છે ?

(1) આ રેન્કિંગ એ સંયુકત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવે છે.
(2) વર્ષ 2021ના રેન્કિંગ અંતર્ગત ટોચની 100 યુનિવર્સિટીમાં ભારતની 3 યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(3) વર્ષ 2021ના રેન્કિંગ અંતર્ગત "ઓકસફોર્ડ યુનિવર્સિટી" એ ટોચના સ્થાન પર રહી હતી.
(4) ટોચના 200 સ્થાનોમાં સૌથી વધુ યુનિવર્સિટીઓ એ સંયુકત રાષ્ટ્ર અમેરિકાની છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ-2020 એ તાજેતરમાં ટાઈમ્સ હાયર એજ્યુકેશન દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા.

⇒ વર્ષ 2021ના રેન્કિંગમાં ટોચની 300 યુનિવર્સિટીમાં ભારતની એકપણ યુનિવર્સિટીને સ્થાન પ્રાપ્ત થયું નથી.

⇒ વર્ષ 2021ના રેન્કિંગમાં ઓકસફોર્ડ યુનિવર્સિટીને ટોચનું સ્થાન પ્રાપ્ત થયું હતું અને ટોચની 200 યુનિવર્સિટીમાં સૌથી વધુ યુનિવર્સિટી એ સંયુકત રાષ્ટ્ર અમેરિકાની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT